<u>ધાડ, લુંટ વાહન ચોરી જેવા ગુન્હાઓને શોધી કાઢતી, પાંડેસરા પોલીસ</u>

સુરત શહેરના પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ અનડિટેક્ટ મોબાઇલ સ્નેચીંગ, ધાડ, લૂંટ, વાહન ચોરી જેવા ગંભીર ગુના આચરનાર ગુનેગારોને પકડી પાડવા સારૂ પો.સ્ટે.ના પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકિકત આધારે ધાડ, લુંટ, મોબાઇલ સ્નેચીંગ જેવા ગંભીર ગુનાઓ આચરતી ગેંગના આરોપીઓ (૧) ગુડ્ડુ ઉર્ફે ગુલાબ ખત્રી રામકરણ પાંડે (૨) સુરજ ઉર્ફે ટીહ્રી S/O રમાશંકર વિશ્વકર્મા (૩) **વિક્રમ ઉર્ફે કાઉ S/O રમેશ નાયક**, (૪) વિકાસ મોહનસીંગ રાજપુત નાઓને પકડી પાડી તેઓ પાસેથી કુલ્લે `.૧,૧૪,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હતો, મજકુર આરોપીઓની સઘન પુછપરછ દરમ્યાન પાંડેસરા ઉપરાંત ખટોદરા, ઉધના, ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આચરેલ કુલ-૨૫ ગુનાઓની કબુલાત કરેલ, પકડાયેલ આરોપીઓની પાંડેસરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૩૬/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૩૯૫,૩૯૭,૩૪૨,૪૫૨,૫૦૬(૨),૩૪ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામે અટક કરી મજકુર પકડાયેલ આરોપીઓની પોલીસ કસ્ટડી દરમ્યાન પુછપરછ કરતાં પકડાયેલ આરોપીઓ પૈકી આરોપીઓ (૧) ગુડ્ડુ ઉર્ફે ગુલાબ ખત્રી રામકરણ પાંડે (૨) સુરજ ઉર્ફે ટીહ્રી S/O રમાશંકર વિશ્વકર્માનાઓએ ગઇ તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ રાત્રીના સમયે પાંડેસરા, વડોદગામ, અંબિકાનગર સોસાયટીમાંથી ગુલશન નામના ઇસમ સાથે મળી એક સફેદ કલરની એક્ટીવા નં.GJ-05-MB-3657 ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે, જે કબુલાત આધારે અત્રેના પો.સ્ટે. ના રેકર્ડ ઉપર ખાત્રી કરતાં સદરહું નંબરની એક્ટીવાની ચોરી અંગે પાંડેસરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૩૨/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો રજીસ્ટર થયેલ હોય, જે આરોપીઓએ કબુલાત આધારે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ એક્ટીવા નં. GJ-05-MB-3657 કિંમત `.૨૦,૦૦૦/-ની કબ્જે કરી પાંડેસરા પો.સ્ટે. માં નોંધાયેલ વાહન ચોરીનો અનડિટેક્ટ ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.